Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪ • તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય

### ૫૫મો વાર્ષિક ઉત્સવ : શનિવાર, તા. ૧૬ જાન્યુઆરી ૨૦૧૬




ટ્રસ્ટીશ્રીઓ હંસ બી. ખીમજી, હિરાચંદ દંડ અને કિરીટ લાપસીયા સાથે
કન્યા છાત્રાલયની છાત્રાઓ

-: કાર્યક્રમ સૌજન્ય :-



શ્રી
હંસ ભવાનજી ખીમજી

**હંસ ભવાનજી અરજણ ખીમજી**



શ્રીમતી
ભારતી હંસ ખીમજી

## કે.ડી.ઓ. કલાસિક દ્વારા વિચારશીલ લેખિકા શ્રીમતી કાજલ ઓઝા - વૈદ્યનો વિશેષ કાર્યક્રમ



કે.ડી.ઓ. કલાસિકે રવિવાર, તા. ૧૭-૧-૧૬ના જાણીતા લેખિકા-વિચારક શ્રીમતી કાજલ ઓઝા - વૈદ્યનું જીવન અને સંબંધોને નવી રીતે જોતા (વ્યાપાર, પ્યાર, પરિવાર વિશેના પ્રવચનનું આયોજન શ્રીમતી પ્રમિલાબેન દંડ રોટરી સર્વીસ સેન્ટર, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ ખાતે કર્યું હતું.




પ્રમુખ હિરાચંદ દંડે સૌને આવકાર આપ્યો. કપિલ લોડાયાએ શ્રીમતી કાજલ ઓઝા વૈદ્યનો પરિચય આપ્યો. આભારવિધિ મુકેશ મૈશેરીએ કરી હતી. શ્રીમતી ચંદ્રિકા લોડાયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન સરસ્વતિબેન લાપસીયા અને શ્રીમતી મીનલબેન ખોનાએ કર્યું હતું.

## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય
## ૫૫મો વાર્ષિક ઉત્સવ : શનિવાર, તા. ૧૬ જાન્યુઆરી ૨૦૧૬
















શ્રી ક.દ.ઓ. કન્યા છાત્રાલયનો ૫૫મો વાર્ષિકોત્સવ શનિવાર, તા. ૧૬ જાન્યુઆરી ૨૦૧૬ના શ્રીમતી પ્રમિલાબેન દંડ રોટરી સર્વિસ સેન્ટર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ ખાતે યોજાયો હતો.

કન્યા છાત્રાલયની બાળાઓએ લોક નૃત્યો અને સ્કીટ  રજૂ કર્યા હતા. જે દર્શકોએ ઉત્સાહથી વધાવી લીધા હતા. કન્યા છાત્રાલયમાં રહેતી કન્યાઓએ તેમના વાલીઓ સાથે હાજરી આપી હતી. કાર્યક્રમમાં કન્યા છાત્રાલયમાં બધા કારેબારી સભ્યો, શિક્ષણ પ્રસારક સમિતિના ટ્રસ્ટીઓ, કન્યા છાત્રાલયની ભૂતપૂર્વ છાત્રાઓ, મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ મોતા, ઉપપ્રમુખ શ્રી હિરાલાલ ડાઘા અને શ્રી લહેરીન ખોના, સેક્રેટરી શ્રી રમેશ લોડાયા, વિદ્યાર્થીગૃહના ભૂ.પૂ. પ્રમુખ શ્રી દેવચંદ ધરમશી, જામનગર કન્યા છાત્રાલયના વિજય લોડાયા, નિતીન સાયલા, શ્રીમતી કાશ્મીરા લુઠીયા, ભાવિકાબેન હેફા તેમજ અન્ય ઉપસ્થિત હતા.

અનુસંધાન સમાચાર વિભાગમાં







# કચ્છ સુથરી મધ્યે ખોના પરિવારના કુળદેવી અંબે માતાની પુનઃ સ્થાપનાનો કાર્યક્રમ



માતાજીનો નવો મઢ



કચ્છ સુથરી મધ્યે ખોના પરિવારની કુળદેવી અંબેમાતાની પૂનઃ સ્થાપના નિમીતે પોષ સુદ ૧૨ વાર બુધવાર તા. ૨૦-૧-૨૦૧૬ના શુભ દિવસે નૂતન નિર્મિત સ્થાનકમાં કુળદેવી અંબે માતાની પૂનઃ સ્થાપના નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ પ્રસંગે પહેડીનો લાભ સૌ. ભારતીબેન હંસ ખીમજી પરિવારે લીધો. આ પ્રસંગે શેઠશ્રી હંસ ભવાનજી ખીમજી, વાલબાઈ હંસરાજ ખોના તથા અંબેમાતા ભૂવા શ્રી જયંતભાઈ શીવજી ખોના હાજર રહ્યા હતા.

સ્થાપના વિધી વિધાન વાંકુના શ્રી વિનોદભાઈ વ્યાસે કરાવી હતી.

આ શુભ પ્રસંગે તે કુળદેવીને નમતા ખોના પરિવારના નીચે મૂજબના સભ્યોએ હાજરી આપી હતી.

| | |
|---|---|
| શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી પરિવાર | તેરા |
| શેઠશ્રી ભાણજી દેવજી ખીમજી પરિવાર | તેરા |
| શ્રી જેઠાલાલ ખીયરાજ ખોના પરિવાર | તેરા |
| શ્રી પદમશી તેજપાર ખોના પરિવાર | તેરા |
| શ્રી ટોકરશી લાલજી ખોના પરિવાર | તેરા |
| શ્રી શીવજી નાગશી ખોના પરિવાર | તેરા |
| શ્રી હીરજી કુંવરજી વસાઈયા પરિવાર | સુથરી |
| શ્રી લક્ષ્મીચંદ કુંવરજી વસાઈયા પરિવાર | સુથરી |
| શ્રી હંસરાજ કુંવરજી વસાઈયા પરિવાર | સુથરી |



માતાજીનો જૂનો મઢ



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

## એપ્ટીટ્યુડ ટેસ્ટ અને કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ સાથે સંયુક્ત રીતે આયોજિત સ્કોર મંત્ર - મોટીવેશન પ્રોગ્રામની ઝલક







પ્રોગ્રામના બૅનરો



દીપ પ્રાગટ્ય અતિથિ વિશેષ
શ્રી હિરાચંદ દંડ ના હસ્તે



અતિથિ વિશેષ હિરાચંદભાઈનું સન્માન કરતા
શ્રીમતી જલ્પાબેન અને અન્ય આયોજકો



મોટીવેટર શ્રી પ્રજેશભાઈનું સન્માન
મહાજનના સેક્રેટરી રમેશભાઈ લોડાયાના હસ્તે



કાઉન્સેલર શ્રીમતી ભાવિકા લાડ અને
શ્રી લાડનું સ્વાગત કરતા શ્રી જતિન લોડાયા



આયોજન અંગે વિચારણા કરતા
હિરાચંદભાઈ સાથે કમલેશ સોની





મોટીવેશન કાર્યક્રમ માણતા વિદ્યાર્થી અને વાલીઓ



રજીસ્ટ્રેશન કક્ષ





એપ્ટીટ્યુડ ટેસ્ટ આપતા વિદ્યાર્થીઓ

**યશના અધિકારીઓ**



(ડાબે થી) કુ. નિકિતા, દિવ્યેશ, હેમિલ, શ્રી કલ્પેશભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી ચેતનભાઈ, ડૉ. ચંદ્રેશભાઈ
અતિથિ વિશેષ શ્રી હિરાચંદ દંડ, શ્રી લાડ, શ્રી ભાવિકા લાડ, શ્રીમતી જલ્પા લોડાયા અને શ્રી જતીન લોડાયા



ભાવતા
ભોજન

અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# Shree KDO Jain Gyanti Mahajan Mumbai

302/306, Narshi Natha Street, Shri Anantnataji Chowk, Masjid Bunder, Mumbai-400 009.
Phone : 022-2344 8274 • E-mail : anantnathderasar@gmail.com

## APTITUDE TEST AND MOTIVATIONAL PROGRAM FOR STUDENTS

Shree KDO Mumbai Mahajan had organized an Aptitude Test on 26th December, 2015 at 9 a.m. at Rashtriya Shala, Ghatkopar East conducted by leading Psychologist Mrs. Bhavika Lad. Aptitude Test helps students to assess the best career suitable for them according to their natural abilities.

The program started with Lamp Lightning by our Guest Shri Hirachandbhai Dand & Mumbai Mahajan Team Members : Sec. Chetanbhai Momaya, Conveners : Jalpaben Lodaya & Jatinbhai Dharamshi, Dr. Chandresh Dagha, Kamleshbhai Soni, Kalpeshbhai Lodaya, along with Shree KDO Vidyarthi Sangh team members: Hemil Dand, Divesh Lodaya & Nikita Maisheri. Shri Hirachandbhai Dand was felicitated by Sec. Chetanbhai Momaya. Mrs. Bhavika Lad was felicitated by Conveners Jatin Dharamshi & Jalpa Lodaya. The Program was concluded by Lunch.

Post Lunch Session comprised Motivation Counseling Session “Score Mantra” conducted by Shree KDO Mumbai Mahajan & Shree KDO Students Association. It had started at 2 pm. Vidyarthi Sangh Committee Member Hemil Dand introduced the Speaker Prof. Prajesh Trotsky. Prajesh Sir was felicitated by Mumbai Mahajan Sec. Chetan Momaya & Shri. Rameshbhai Lodaya. Sir made the students learn various tricks & techniques of memorizing, visualizing, and thereby scoring high marks in exam through his module “Padh Lein”. It also included various challenges faced by the current generation related to studies and exams, wherein the challenges were addressed & solution was suggested for the same. His talk covered various topics like need to be ambitious, food to be eaten during exams, reduction of usage of electronic media and also the parents role during exam time etc.. Seminar ended with a question-answer session where the parents and students asked the challenges related to the studies and appropriate guidance was given. Program concluded at 5pm followed by snacks.

KDO Mumbai Mahajan and KDO Vidyarthi Sangh acknowledge all the students who enrolled for aptitude test and also for motivational speech which we are sure will benefit them to choose the right career and also score well in exam.

આદ્યતંત્રીઓ

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

: તંત્રી :

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

સમિતિ સભ્યો

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા



અંક નં. 04/2016



: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## જે લોકો પરિવર્તનનું નિમિત્ત બનશે તેઓ નેતા બનશે

તમે ૭૦ વર્ષના થાવ ત્યાં સુધીમાં તમને એક સવારે એક રૂમમાં હજારો સંભાવનાઓને એકી સાથે જોવાનો ભાવોન્મેષ કેવો હોય તે સમજાશે. હું અત્યારે એવી જ લાગણી અનુભવી રહ્યો છું.

યુવાનોની થનગનાટ ભરી ઉર્જા, સિધ્ધિ પ્રાપ્ત વડીલોના શાણપણ સાથે મળે તો અકલ્પનીય સફળતા પ્રાપ્ત કરી શકે.

''કે.ડી.ઓ. ગ્લોબલ આઈટી સમિટ'' આ વિચાર અંગેમેં પહેલી વખત સાંભવ્યું કે તરત જ તે વિચાર મારા હૃદયના ધબકારેમાં વણાઈ ગયો અને મારા વિચારોના અશ્વ પૂરપાટ દોડવા લાગ્યા... ઈન્ફરમેશન ટેકનોલોજી એ વસ્તુ છે જ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને ચેતનવંતી બનાવી શકે.

લાખો-કરોડના મન પર આપણો સિક્કો જમાવવા જૂના અને નવા વચ્ચે સેતુ બાંધીએ. અને આપણી જાતને અંદરથી શક્તિશાળી બનાવીએ.

મારા પિતા શ્રી ભવાનજી અરજણ ખીમજી અવારનવાર પરિવર્તનના મહત્વની વાત કરતા કહેતાં **''જે લોકો પરિવર્તનને અપનાવી લેશે તે જ ટકી શકશે. જેઓ પરિવર્તન સાથે કદમ મિલાવશે તેઓ સફળ થશે...** જે લોકો પરિવર્તનના નિમિત્ત બનીશે તેઓ જ નેતૃત્વ કરશે. આ સમિટ આપનોમાં પરિવર્તનના સર્જક બનાવવા માટે યોજ્યું છે.

એક સમુદાય તરીકે આપણે ઘણી મઝલ કાપી છે... જીવનને અસ્તવ્યસ્ત કરી નાખતા. દુકાળોથી આખી દુનિયા ભરમાં સ્થળાંતર વૈશ્વિક કાર્યબળમાં શ્રેષ્ઠ હોવાથી તેમજ વ્યવસાયમાં અદભૂત સફળતા મેળવી.

... અને તે છતાં આજે આપણને અહીં એકઠા થયા છીએ કેમકે આપણા અંતરતલમાં આપણા જ્ઞાતિજનોના હાથ થામવાની ભાવના છે... ઉપયોગી અનુભવોની આપ-લે કરવાની ઇચ્છા છે. આશા અને માર્ગદર્શન મેળવવાની તમન્ના છે... આપણા વિચારોને પાંખ આપવાની તથા એ પાંખોને ગગનવિહાર કરાવનાર પવન થવાની મહત્વકાંક્ષી છે...

અને હું આતુર છું નવી વ્યવસાયિક ભાગદારીની વાતો સાંભળવા... કે.ડી.ઓ સ્ટાર્ટઅપનું વાવેતર અને ખીલવણી થતી જોવા... તથા સ્મિત ફરકાવવા.

આ સ્મિત માર્મિક હશે... કેમકે એમાં પ્રતીતિ હશે કે કચ્છી દશા ઓશવાલ સમુદાય પહેલાં કરતાંય વહુ શક્તિશાળી બની રહ્યો છે.

### "People who cause the change will Lead."

BY THE TIME YOU ARE 70, YOU'LL UNDERSTAND THE ECSTASY OF SEEING THOUSANDS OF POSSIBILITIES IN ONE ROOM ON ONE MORNING ,......
THE WAY I FEEL RIGHT NOW !.
THE VIBRANT ENERGY OF YOUTH, COMBINED WITH THE WISDOM OF STALWARTS ,CAN CREATE UNIMAGINED SUCCESSES.
"KDO GLOBAL IT SUMMIT" –
THE IDEA WHEN I FIRST HEARD OF IT, TOUCHED A CHORD( OF MY HEART ) AND SET MY THOUGHTS GALLOPING .....
IT WAS JUST A THING THAT COULD ...STIR UP THE KDO COMMUNITY,
BRIDGE THE GAP BETWEEN OLD AND NEW.... AND STRENGTHEN US FROM WITHIN ,..TO L E A V E OUR MARK ON THE MINDS OF MILLIONS.
MY FATHER SHRI BHAWANJI ARJAN KHIMJI OFTEN TALKED OF THE IMPORTANCE OF CHANGE ,"PEOPLE WHO CHANGE, WILL SURVIVE,
PEOPLE WHO CHANGE WITH THE CHANGE, WILL SUCCEED. .....
PEOPLE WHO CAUSE THE CHANGE, WILL LEAD," ......
THIS SUMMIT IS FOR YOU TO CREATE THE CHANGE .....
AS A COMMUNITY WE HAVE COME A LONG WAY ..... FROM THE DAYS OF WEATHERING FAMINES, TO MIGRATING ACROSS THE WORLD , AND CREATING FANTASTIC BUSINESSES, BEING AMONGST THE BEST IN THE GLOBALWORK FORCE , AND YET WE ARE ALL HERE TODAY, FOR SOMEWHERE INSIDE THERE IS A WILLINGNESS TO HANDHOLD OUR BROTHERN, TO SHARE USEFUL EXPERIENCE, TO FIND HOPE AND GUIDANCE, TO GIVE WINGS TO OUR IDEAS AND TO BOTH FIND AND BE THE WIND BENEATH THOSE WINGS.....
AND I AM WAITING TO HEAR .....OF NEW BUSINESS PARTNERSHIPS, TO SEE KDO START UP TAKING SEED AND BLOSSOMING ..... AND TO SMILE.
THE SMILE OF CONTENT ,KNOWING THE KDO COMMUNITY IS STRONGER THAN EVER BEFORE !.

## ચાલો રમિયે મોબાઈલ મોબાઈલ – તિલકચંદ લોડાયા – ચેન્નઈ, ourbrotherhood@yahoo.co.in

બેંગલુરુમાં યોજાયેલ ક.દ.ઓ. જ્ઞાતીની આઈટી અને ઊભરતાં વ્યવસાયો પરની ગ્લોબલ સમિટનો એક મુખ્ય ઉદેશ એ છે કે બધા વયના જૂથો દરેક ઉપલબ્ધ ટેક્નોલોજીકલ અને ડિજિટલ તકોનો પૂર્ણ ઉપયોગ કરે અને દરેક વરિષ્ઠ જ્ઞાતિજન ડિજિટલ સાક્ષર બની જાય અને મોટા ભાગના કોલ્સ અને પ્રાપ્ત નંબરો સેવ અને તેમને પુનઃ પ્રાપ્ત કરી શકે અને Whatsapp, એસએમએસ સંદેશાઓ, ઈ-મેઈલ અને આવા પ્રાથમિક ઍપ્સ મોકલી અને પ્રાપ્ત કરી શકે અને રમતો રમી પોતાના જીવનને આનંદમય બનાવે.

ગ્લોબલ સમિટના આ અભિયાન ને ''મોબાઈલ શિક્ષા અભિયાન'' તરીકે નામ આપવામાં આવ્યું છે. વરિષ્ઠ જ્ઞાતીજનોને શીખવવાની મુખ્ય મૂમિકા સ્થાનિક મહિલા મંચ અથવા મંડળ, યુથ ફોરમ અથવા યુવક મંડળ, વરિષ્ઠ નાગરિકોની ક્લબ અને સ્થાનીય મહાજન કરશે. ઘર અથવા પાડોશમાં રહેતા યુવાનો અને યુવતીઓ પણ આ પડકાર લઈ આ અભિયાનમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજાવી શકે છે.

દરેક નગર, ઉપનગર, સ્થાનિકત્વ અથવા દરેક સંસ્થા, સ્વતંત્ર રીતે અથવા સંયુક્ત રીતે, એક સંમત સમય મર્યાદા નક્કી કરી આ અભિયાન અમલ કરવા યોગ્ય બ્લુ પ્રિન્ટ તૈયાર કરશે. આ સંસ્થાઓ કેટલા તાલીમાર્થીઓને લેવાના, ટ્રેનર્સને ફરજ આપવી અને ક્યા સ્થળમાં આયોજન કરવું વગેરે નક્કી કરશે. તાલીમાર્થીઓમાં રહેલ મોબાઈલ ઉપયોગ કરવાનો ભય દૂર કેમ કરવો એ વિષય પર આલોચના કરશે. શું, કેટલું, ક્યારે, કોને અને કોણે શિખાવવું, કઈ શિક્ષણ પદ્ધતી અપાવનાવી, પરીક્ષાઓ કઈ રીતે અને ક્યારે લેવાની, શું ઇનામ આપવાના વગેરેનો નિર્ણય સ્થાનિક સંસ્થાઓ લેશે. એમની પ્રગતિનો એહવાલ રજૂ કરશે. નવી હસ્તગત કુશળતા જ્ઞાતિજન વાપરે છે કે નહીં એનું મોનિટરિંગ કરશે.. સફળ જ્ઞાતિજનનું બહુમાન પણ કરી શકાય.

ઇતિહાસ રચનાર પોતાના જીવનની સ્ક્રિપ્ટ પોતે જ લખે છે. નવા માર્ગો પર પ્રયાણ કરવા નવીન રસ્તાઓનું નિર્માણ કરવું પડે છે. શોધ યાત્રા નવા સ્થળોની ફક્ત હોતી નથી પણ નવી નજર કેળવવાની હોય છે. ચાલો મોટાઓને નાના બનાવિયે. મોબાઈલ@50. ચાલો રમિયે મોબાઈલ મોબાઈલ..

ડિજિટલ સ્વપ્નને સાકાર કરવા અમે આપ સૌના સહકારની આશા રાખિયે છીએ.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


### શ્રી વિજય રત્નસાગરજી જેં પ્રવચન કે અનુમોદના



રત્નસાગર આંજે પ્રવચનલા ?
અસીં ટીવી મેં પ્યા લુછોં [1]
અંઈ કિતક પ્યા કુછોં [2]
અસીં ઘરમેં પ્યા પુસોં [3]
કુછણ આંજો અગોચર[4] જો,
સે ગોચર[5]મેં પ્યા ડિસોં
ખેડ઼વારા ખેડ઼ વ્યા
અસીં પડ઼ેતરમેં પ્યા વસોં [6]
હિત નત્યું કુછેં, કોયલું
ન મલારીં મોર
નત્યું ગજે ગજણું
નતી વે વિજ
તાં પણ વસેં પ્યા મીં
એડ઼ા અસીં અસાંજે
જીવન મેં સોમૈયા મેદાનમેં
ડિઠા – ડીં [7]

૧) લુછોં = તીવ્ર ઇચ્છા કરીએ
૨) કુછોં = કહીએ
૩) પુસોં = ભીંજાઈએ
૪) અગોચર = જેની જાણ નથી ત્યાંથી
૫) ગોચર = જેની જાણ છે ત્યાંથી
૬) વસોં = વસીએ
૭) ડીં = દિવસ

– **ભદ્રી પટેલ** – ભાંડુપ, મો.: 97734 83984



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### વરસી તપ

**પ્રશ્ન : વરસી તપની આરાધના શા માટે કરવાની હોય છે ?**

**ઉત્તર** - પ્રત્યેક તપની આરાધના એક માત્ર કર્મક્ષય એટલેજ કર્મ નિર્જરાની ભાવનાથી કરવાની છે. પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ પ્રભુના અંતરાય કર્મના ઉદયે ભિક્ષા વિધીથી અજાણ શ્રાવકો દ્વારા યોગ્ય આહારાદિની પ્રાપ્તિ ન થતાં એમને દીક્ષા દિવસ (ફાગણ વદિ આઠમ)થી અક્ષય તૃતીયા (વૈશાખ સુદ ત્રીજ) સુધી ૪૦૦ ઉપવાસ થયા. અક્ષય તૃતીયાના દિવસે શ્રેયાંસ કુમારના હાથે સુઝતા આહાર સ્વરૂપ શેરડીના રસથી પારણું થયું. આપણી આજે અખંડ ૪૦૦ ઉપવાસ કરવાની શક્તિ નથી. તેથી આપણે એકાંતરા ૨૦૦ ઉપવાસ કરી એક વરસ તપ કરીએ છીએ. પ્રભુએ કરેલા ૪૦૦ ઉપવાસ પૂર્ણ કરવા બે વરસીતપ કરવા જોઈએ. આ વરસીતપની આરાધના કર્મ નિર્જરાર્થે જ કરવાની છે. વરસી તપથી સવિશેષ અંતરાય કર્મ ક્ષય પામે છે એવી માન્યતા છે.

**પ્રશ્ન : વરસી તપ ચારસો દિવસનું તપ છે. એમાં વચ્ચે બિમારી આવે ને જો પંદર દિવસ ઉપવાસાદિ ન થાય તો બિમારી પછી ફરીથી ઉપવાસ કરીએ તો વરસીતપ કહેવાય કે ન કહેવાય ?**

**ઉત્તર** - વરસી તપ ચારસો દિવસનું અખંડ તપ છે. એમાં બે દિવસ સળંગ વાપરી ન શકાય. એકાંતરા ઉપવાસ કરવાના જ હોય છે. જો કોઈ પણ બિમારીના કારણે પંદર દિવસ ઉપવાસાદિ ન થાય તો વરસી તપ તુટી જાય છે. બીજી વખત ફરીથી ફાગણ વદ આઠમથી વિધિ પૂર્વક કરવું પડે. બિમારી પછી ઉપવાસાદિ ચાલુ કરવા છતાં તે વરસી તપ ન જ કહેવાય. જેટલા ઉપવાસ


।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામિયે નમઃ ।।

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલિયા**

ધર્મશાળા ફલિયા, નલિયા - કચ્છ, તા. અબડાસા, પીન ૩૭૦ ૬૫૫.

મહાજન શ્રી દ્વારા આગામી ટ્રસ્ટ બોર્ડની મુદત તા. ૧-૪-૨૦૧૬થી ૩૧-૩-૨૦૨૧ ટ્રસ્ટીઓની ચુંટણી રવિવાર, તા. ૨૦-૩-૨૦૧૬(સમય સવારના ૧૦ કલાક થી સાંજના ૫ કલાક) રોજ નલિયા મધ્યે યોજવામાં આવેલ છે.

**બંધારણ અનુસાર નલિયા સ્થાનિક -૨, કચ્છ - ૧, મુંબઈ - ૬ અને સંપૂર્ણ ભારત - ૨ એમ કુલ ૧૧ ટ્રસ્ટીઓની ચૂંચણી થશે.**

| | |
|---|---|
| ઉમેદવારી પત્રક મેળવવાની | તા. ૧૮-૨-૨૦૧૬ |
| ફોર્મ ભરી આપવાની છેલ્લી | તા. ૫-૩-૨૦૧૬ |
| યોગ્ય ઉમેદવારનું લીસ્ટ | તા. ૭-૩-૨૦૧૬ |
| ફોર્મ પાછા ખેચવાની | તા. ૧૦-૩-૨૦૧૬ |
| ઉમેદવારનું ફાઈનલ લીસ્ટ | તા. ૧૪-૩-૨૦૧૬ |

**ઉમેદવારી પત્રક મેળવવાના સ્થળ :**

૧) નલિયા સ્થાનિક ઓફીસ

૨) મુંબઈ C/o. ગુર્જરમાત, મોનાની સદન, જવાહરલાલ નેહરૂ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**સમય : સવારના ૧૦.૦૦ કલાક થી સાંજના ૬.૦૦ કલાક**

ચૂંટણી અધિકારી : **શ્રી ભરત શામજી છેડા, મુંબઈ** મો.: 093202 18405 — **શ્રી વસ્તુપાળ તેજપાળ નાગડા, નલિયા (સ્થાનિક)** મો.: 099798 96627

લી. **ચેતન માણેકજી ખોના - માનદ્ મંત્રી**

**નોંધ :** મહાજનશ્રીનું સભ્યપત્રક તા. ૧૮-૨-૨૦૧૬થી તા. ૨૦-૩-૨૦૧૬ સુધી બંધ રહેશે

થયા તે લાભમાં સમજવા.

જો આપણે વચ્ચે પંદર દિવસ ઉપવાસાદિ છોડીએ તો તે અવિધિ છે. આવી રીતે એક વ્યક્તિ છૂટ લે એને જોઈ બીજો છૂટ લે. આવી રીતે કરવાથી શાસનની એકતા - અખંડતા નાશ પામે અને જેને જેમ ફાવે તેમ જીવો વર્તે તો શાસનમાં અરાજકતા સ્થપાય તેથી આવી કોઈ પણ છૂટ આપી જ ન શકાય અને તપ કરનારે આવી છૂટ લેવી પણ ન જોઈએ. આવી રીતે કરવાથી શાસન - ધર્મ - તપ અને ગુરૂ પણ વગોવાય. એનાથી શ્રેષ્ઠ છે કે આપણે ફરીથી બીજા વરસે આરાધનામાં જોડાઈ જઈએ.

**પ્રશ્ન : વરસી તપ કરવાની અંતરથી ઈચ્છા હોય, તપ થઈ પણ શકતું હોય પરંતુ ગામમાં જિનાલય ન હોય તો વરસી તપ કરી શકાય ? જો કરી શકાય તો કેવી રીતે થઈ શકે ?**

**ઉત્તર -** કોઈ પણ તપ કરવું હોય તો તપ સાથે પરમાત્મ દર્શન-પૂજા-દેવવંદન-પ્રતિક્રમણ તથા તપની ક્રિયા અવશ્ય કરવી જ જોઈએ. ભક્તિ વિના તપ અધુરું છે. પરંતુ જો ગામમાં જિનાલય જ ન હોય તો શક્ય હોય તો તપ ચાલે ત્યાં સુધી એક પ્રતિમાજી પધરાવી એની સેવા - ભક્તિનો લાભ લેવો જોઈએ. અંજન શલાકાવાળા પ્રતિમાજી પધરાવવા શક્ય જ ન હોય તો અઢાર અભિષેકવાળા પ્રતિમાજી પધરાવી ક્રિયા - દેવવંદનાદિ એની સમક્ષ કરવા અને થોડા થોડા દિવસે બાજુમાં રહેલા સંઘ જિનાલયમાં પૂજાદિનો વિશેષ લાભ લેવો. તથા ત્યાં ચડતર (ક્રિયાદિમાં જે દ્રવ્યાદિ મૂક્યું હોય) ભંડારમાં નાખી દેવું. પરંતુ શક્ય હોય તો તપ દરમ્યાન વધુને વધુ સમય તીર્થ અથવા જિનાલયવાળા ગામમાં સ્થિરતા કરવા પ્રયત્ન કરવાનો. બીજી આરાધનામાં ક્યાંય કમી ન રહી જાય એ માટે વિશેષ સાવધાની રાખવી.

**પ્રશ્ન : વરસી તપાદિમાં જો જિનાલય ઘણું દૂર હોય ૨-૩ કિ.મી. થતું હોય અને ઉમરના કારણે પહોંચી શકાય એમ ન હોય તો ફોટો સમક્ષ ક્રિયા કરીએ અને આઠમ - પાંખીના દિવસે દેરાસર જઈએ તો તપ થઈ શકે.**

**ઉત્તર -** ઉપરોક્ત પ્રશ્નના જવાબમાં જે જણાવ્યું તે અહિં પણ સમજવાનું છે. વધુમાં આજુબાજુમાં ક્યાંય ગૃહચૈત્ય હોય તો ત્યાં વિધી કરવાની છે. શક્ય હોય તો અવશ્ય દરરોજ પ્રભુ દર્શન-પૂજા કરવીજ જોઈએ. એમ કરવાથી આપણું સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. પ્રમાદ કરવાથી આપણે તપના સંપૂર્ણ લાભથી વંછીત રહિએ છીએ. અનિવાર્ય સંજોગો સિવાય વિધિની અવિધિ કરવાથી આપણે દોષના ભાગી બનીએ છીએ. આપણી અવિધિ જોઈને બીજા અવિધિ કરે તેથી અવિધિની પરંપરા ચાલુ થઈ જાય છે. દર્શન-પૂજા છૂટે.... પ્રતિક્રમણ દેવવંદન છૂટે એમ કરતાં ફક્ત ઉપવાસ થાય તે અયોગ્ય છે. આરાધના વિધિ જાળવીને કરવાથી આરાધના સફળ થાય છે અને ઘણી લાભદાયી બને છે.


TIDY FROG
Services Simplified

Starting pre-launch Bookings
At an un-matching price - Book your service today

Annual AC Cleaning Service
(launching on 26th January 2016)

Full Service includes:
• 3 Dry Service
• 1 Wet Service
• 2 on call visit

@ ₹630/- only

Mini Service includes:
• 1 Dry Service
• 1 Wet Service
• 1 on call visit

@ ₹400/- only

*service tax extra

LIMITED PERIOD OFFER

Download the APP from play store
TidyFrog

Give a missed call on
9769 129 129

# ''ભારતીય બેંકોની સ્થાપનામાં કેડીઓનું યોગદાન'' - ભાગ ૨

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 98203 36767

ઓચિંતો એટલો પૈસો આવ્યો કે ક્યાં રોકાણ કરવું તે પ્રશ્ન થઈ પડ્યો. રૂ નો વાસ્તવિક વ્યાપાર (લેવડ દેવડ)ને બદલે વાયદાનો (સટ્ટાનો) વ્યાપાર કરવા લાગ્યા. રૂ નો સટ્ટો ધીમે ધીમે શેરોના સટ્ટામાં પરીણમ્યો. શેરોનું ગાંડપણ ખૂબ જ વધી ગયું. રૂ ના વેપારીઓ ગજા ઉપરાંતનું રૂ ભેગું કરવા લાગ્યા. તેમના ધંધામાં વધારે ધીરાણની જરૂરિયાત ઊભી થઈ. જુની અનુભવી અને રૂઢીચુસ્ત બેંકો ગજા બહારનું ધીરાણ આપવા તૈયાર નહી અને નાણાકીય જરૂરિયાતમાં ખૂબ જ વધારો થયો.

પરિણામે નવી નવી ખાનગી બેંકોનો ઉદ્ભવ ઝડપી બન્યો. એ જમાનામાં દરિયો પુરવાના ધંધામાં (Land Reclamation) ખૂબ જ નફો હતો. દરેક નામાંકિત વ્યાપારીઓ પોતાનાં હાથ નીચે રહે તેવી બેંકની સ્થાપના કરવા લાગ્યા. લોકો પાસે પુષ્કળ પૈસો હતો તેથી બેંકોનાં શેરોના ભરણાની કોઈ ચિંતા ન હતી. ખૂબ જ ઉંચા પ્રીમીયમે બેંકોના શેરોની થાપણ ભરપાઈ થવા મંડી.

વળી આ વગવાળા લોકો પોતાની મનમાની થઈ શકે તેવી બેંક ઉપરાંત ફાયનાન્સીઅલ એશોસીએશનની સ્થાપના કરવા લાગ્યા જેને અગાઉ સ્થાપેલી બેંક તરફથી ધિરાણ તથા તેના શેરો સામે લોનો મળવા માંડી તેમજ આવી બેંક અને ફાયનાન્સીયલ એશોસીએશન વળતા લેન્ડ સ્કેલેમેશન કંપનીમાં રોકાણ કરવા લાગી તેમજ કોઈપણ જાતની તપાસણી વગર, યોગ્યતા ચકાસ્યા વગર ધિરાણ કરવા મંડી.

વળી આવી બેંકો, ફાયનાન્સીયલ એશોસીએશન અને લેન્ડ સ્કેલેમેશન કંપનીઓના શેરો સેકન્ડરી માર્કેટમાં ઉંચા ભાવે ટ્રેડ થવા મંડ્યા. સટ્ટાનો ખૂબ જ અતિરેક વધી ગયો. વાયદાનો વ્યાપ એટલો થયો કે તેને કાબુમાં રાખવો ખૂબ જ મુશ્કેલ.

શાહ સોદાગર પ્રેમચંદ રાયચંદ અને કાવસજી જહાંગીર રેડીમનીની કંપની જે બોમ્બે રેક્લેમેશન કંપની તરીકે ઓળખાઈ તેના રૂા. ૫૦૦૦ નો શેર ટુંક સમયમાં રૂા. ૫૫૦૦૦ ના ભાવે વેંચાયો તો બેંક ઓફ બોમ્બેનો રૂા. ૫૦૦ નો શેર રૂા. ૨૮૫૦ માં વેંચાયો. વેપારી, શ્રીમંત, નોકરથી માંડી ઝાડુવાળા સુધી શેર મેનીયાની જાળમાં આવી ગયા. લોકો મૂળ ધંધો / નોકરી ભુલી કમાવાની લાલચે શેર બજારમાં સટ્ટામાં ઘુસ્યા.

ઉંચાઈના ભાવને કારણે મુંબઈની મીલોને કરજ કરવું પડ્યું. કેટલીક મીલો બંધ થઈ જે પાછળથી થોડા વરસો બાદ ખુલી. મુંબઈમાં ૧૮૫૫માં એક પણ જોઈન્ટ સ્ટોક કંપની ન હતી તેની જગ્યાએ ૧૮૬૧-૬૨માં ૯ કંપની રજીસ્ટર થઈ, ૧૮૬૨-૬૩માં ૩૫ કંપની રજીસ્ટર થઈ જેમાં ૧૨ કંપની કપાસની, ૯ સ્ટીમર કંપની, ૯ બેંક, મરીન ઈન્સ્યુરન્સ અને શીપીંગ એજન્ટની ૫ કંપની રજીસ્ટર થઈ ૧૮૬૩-૬૪માં ૩૧ બેંક, ૧૬ ફાઈનાન્સીઅલ એશોસીએશન, ૮ લેંડ કંપની, ૧૬ પ્રેસ કંપની, ૧૦ શીપીંગ, ૨૦ ઈન્સ્યુરન્સ કંપનીઓ મળી ૧૦૧ કંપનીઓ રજીસ્ટર થઈ. ૧૮૪૦-૫૦માં અડધા ડઝનથી વધારે શેર બ્રોકરો ન હતા તે ૧૮૬૪-૬૫માં ૨૫૦ જેટલા થયા.

આપણાં શ્રેષ્ઠીઓએ અન્ય નામાંકિત વ્યાપારી, ઉદ્યોગપતિઓ સાથે મળી બેંક, ફાઈનાન્સીયલ કોર્પોરેશન તથા લેંડ કંપનીઓની સ્થાપનામાં ઝંપલાવ્યું. આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીઓ અગ્ર પ્રમોટર્સ/સ્થાપક હતા એવી બેંકો, ફાઈનાન્સીયલ તથા લેંડ કંપનીની યાદી નીચે મુજબ છે. :

૧)શ્રી હરભમ નરશી નાથા, શા ઘેલાભાઈ પદમસી અન શીવજી વેલજીએ 'અલાયન્સ બેંક ઓફ બોમ્બે' સ્થાપી.

૨) ઉપરોક્ત શ્રેષ્ઠીઓએ 'અલાયન્સ ફાઈનાન્સીયલ કોર્પોરેશન' પણ સ્થાપી.

૩) શેઠ કેશવજી નાયક અને શા. ઘેલાભાઈ પદમસીએ બેંક ઓફ ઈંડિયા (વર્તમાન બેંક નહી) સ્થાપી જે ખોજા બેંક તરીકે ઓળખાઈ.

૪) શેઠ કેશવજી નાયક અને શા. ઘેલાભાઈ પદમસીએ બોમ્બે ટ્રેડીંગ એન્ડ બેંક એસોસીએશનની સ્થાપના કરી.

૫) શેઠ કેશવજી નાયકે અન્યોની સાથે ઈસ્ટ ઈંડીયા બેંક લી.ની સ્થાપનામાં અગ્રસર રહ્યા. જે નવી ખોજાની બેંક તરીકે ઓળખાઈ.

૬) શેઠ કેશવજી નાયક ઈસ્ટર્ન ફાયનાન્સીયલ એસોસીએશન લી. ની સ્થાપનામાં પ્રમોટર્સ હતા.

૭) શા. ભારમલ પરબત, યુનીયન બેંક ઓફ બોમ્બે જે મામદ

શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
**રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની**
સંપર્ક : 08879677709

ઈસાની બેંક તરીકે ઓળખાતી તેનાં પ્રમોટર હતા.

૮) શા. ભારમલ પરબતે ઓરીએન્ટલ ફાઈનાન્સીયલ એસોસીએશન લી. ના એક પ્રમોટર હતા.

૯) શ્રી આસારીયા લધા તથા શા. પદમસી વીરજી યુનીવર્સલ બેન્ક એન્ડ ફાયનાન્સીયલ એશોસીએશની સ્થાપનામાં પ્રમોટર હતા.

૧૦) શા. ખેતસી શીવજી તથા શા. ડોસાભાઈ કુરપાર, રોયલ ફાઈનાન્સીઅલ કોર્પોરેશન લી ની સ્થાપનામાં અગ્ર પ્રમોટર્સ હતા.

૧૧) શા. ત્રીકમજી વેલજી માલુ તથા શા. વર્ધમાન પુનશી વેસ્ટર્ન ઈન્ડીયા ફાઈનાન્સ એન્ડ એક્ષચેંજ કોરપોરેશન લી ના પ્રમોટર્સ હતા.

૧૨) શા. કલ્યાણજી શીવજી, ગ્રાન્ડ ફાઈનાન્સ કંપની લી. ના પ્રમોટર હતા.

૧૩) શા. ડુંગરસી સોજપાર, શા. શીવજી મેઘજી તથા શા. મુલજી કાનજી, નેશનલ ફાઈનાન્સ ઓફ ઈંડીયા લી. નાં સ્થાપક પ્રમોટર્સ હતા.

૧૪) શેઠ કેશવજી નાયક, મઝગામ રેક્લેમેશન કંપની અને પોર્ટ ડેવલપમેન્ટમાં ભાગીદાર હતા.

(૧૫) આ સિવાયની પણ અન્ય જોઈન્ટ સ્ટોક કંપનીઓ જે ૧૮૬૧-૧૮૬૫ દરમ્યાન સ્થાપાયી તેમાં આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીઓનો અગ્ર ફાળો રહેલ હશે.

રૂ માં આપણી જ્ઞાતિ અગ્રસર હોઈ અમેરીકન સીવીલ વોરમાં ખૂબ કમાયેલ હોય આવી કંપનીઓ ઊભી કરી ઉંચા પ્રીમીયમે શેરો વહેંચાઈ જતા હોવાથી ઝડપી વધુ વળતર રોકાણ મેળવવાના લોભથી દૂર ન રહી શકી.

## પ્રેરણા કથા : એ લાકડાના નકલી પગને, મારે પગે પડવું છે !



રાજ્ય-કક્ષાની વોલીબોલ ખેલાડી અરુણિમા સિંહાની સોનાની ચેઈન લૂંટવા ૨૦૧૧માં ચાલતી ટ્રેનમાં અમુક ગુંડાઓએ છિનાઝપટી કરી, પેલીએ સામનો કર્યો.... પછી યુ.પી.નાં બરેલી શહેર પાસે ચાલુ ટ્રેન પરથી ગુંડાઓએ એને ધક્કો મારીને ફેંકી દીધી. સામેના પાટાં પર આવ તી બીજી ટ્રેન નીચે અરુણિમાનો એક પગ છૂંદાઈ ગયો. રેલની પટરી પર એ આખી રાત ચીસો પાડતી રહી. લોહીલુહણ પગ પાસે ઉંદરો રમતાં રહ્યાં, એની આસપાસથી ૪૯ ટ્રેન ગુજરતી રહી.... બીજે દિવસે, બરેલીની હૉસ્પિટલમાં એને બેહોશ કર્યા વિનાં જ એનો એક પગ ડૉક્ટરોએ કાપી નાખવો પડ્યો, કારણકે હૉસ્પિટલમાં બેહોશ કરવાં એનેસ્થેલિયા નહોતો ! સરકારે, અરુણિમા પર માત્ર ૨૫,૦૦૦/- રૂ. નો ટુકડો ફેંકી દીધો... પછી બહુ વિરોધ થતાં માંડ બે લાખ રૂા. આપ્યાં. એનાં કપાયેલાં પગમાં લાકડાનો નકલી પગ બેસાડવામાં આવ્યો. બીજાં પગમાં સ્ટીલમાં સળિયા નાખવામાં આવ્યાં...

આ એક્સિડંટ બાદ પણ નકલી પગ સાથે એ એવરેસ્ટ પર્વત ચઢીને દેખાડ્યો છે ! નોર્મલ માણસ ચો ચાલી પણ ના શકે એવી અવસ્થામાં પર્વતારોહણની અઘરી અને મોંઘી ટ્રેનિંગ માટે ૪૦ લાખ જમા કર્યાં, બે વરસ સતત પર્વતો પર ચઢીને, નીચે પટકાઈને ટ્રેઈનિંગ લીધી.... અને આખરે ૨૦૧૩માં મરતાં મરતાં પણ એ એવરેસ્ટ ચઢીને જ રહી. એવરેસ્ટથી પાછાં ફરતાં એનો ઑક્સિજનનો સ્ટોક ખતમ થઈ ગયો, એનો લાકડાનો પગ છૂટો પડી ગયો પણ એ ઢસડાઈ ઢસડાઈને નાચે જીવતી પાછી આવી! પછી તો જગતમાં સાત સૌથી ઊંચા શિખરોમાંથી ચાર શિખરો એ ઓલરેડી ચઢીને રહી.... અને હમણાં ૨૫ ડિસેંબર આર્જેન્ટિનાનાં સૌથી ઊંચાં શિખર એકોનકેગ્વા (જેને બીજું એવરેસ્ટ પણ કહેવાય છે) પર ચઢીને તિરંગો લહેરાવ્યો. વિશ્વની પ્રથમ વિકલાંગ મહિલા તરીકે રેકોર્ડ સ્થાપ્યો ! એ સ્ત્રીઓ જો સામે મળે તો એનાં પગે પડવાનું મન થાય છે પછી ભલેને એ પગ લાકડાનો કેમ ના હોય ?

અરુણિમા જેવી અસાધારણ માટે આપનાં સાધારણ સમાજે શું કર્યું ? માત્ર ટોર્ચર ! અરુણિમા  તો આપઘાત કરવા ટ્રેનમાંથી કૂદેલી-એવો આરોપ ક્રુર પોલિસે લગાવેલો ! એને ધક્કો મારનાર કદીયે પકડાયાં પણ નહીં. ખેર... સરકાર, પોલીસ કે પેલાં ગુંડાઓ, આખરે તો સમાજમાંથી જ આવે છેને ? ખરેખર તો અરુણિમાને ધક્કો મારનારાં જે હાથ હતાં એ આપણાં સૌના હાથ હતાં, આખા સમાજ સમાજનાં હતાં બધી સ્ત્રીઓ અરુણિમા જેવી બહાદૂર નથી હોતી કે એમને ફેમિલી સપોર્ટ નથી મળતો... એ બધી તો સમાજનાં અદ્રશ્ય ધક્કાઓથી, એક-બે ધક્કામાં જ ખતમ થઈ જાય છે.

જે ક્ષણે લગ્નોની જાહેરખબરમાં સ્ત્રી ઉપર 'ગોરી, દેખાવડી, ઘરરખ્ખુ, સંસ્કારી'નાં લેબલો લગાડીએ છીએં તેજ ઘડીએ સમાજ પહેલો ધક્કો મારી દે છે. પરણ્યા અગાઉ, સ્ત્રી, 'કુંવારી' છ કે નહીં એ સાબિત કરવાં ડૉક્ટરી પરીક્ષણ કરાવીને કેરેક્ટર સર્ટિફિકેટ લઈ આવવું પડે છે એ પણ સ્ત્રી પર એક અદ્રશ્ય ધક્કો જ છે ! કાંચન-કામિનીને ભાંડનારા, ઢોલ ગંવાર, શુદ્ર અને નારીને પીટવાની તરફેણ કરનારા સામે આપણો સમાજ આજે પણ માથાં


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com

એ ખુશીની વાત છે કે સરકારે સ્ટાર્ટઅપ કલચરને પ્રોત્સાહન આપવાની વાત કરી તે પહેલાં આપણે અ દિશા અપનાવી મૂક્યા છીએ. સૌ સ્ટાર્ટઅપ માસ્ટરોને સફળતાની શુભકામના.

તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental

## આરોગ્ય પ્રકાશ : ચટપટી ચાટને હેલ્ધી બનાવવી હોય તો ?



**પ્રશ્ન : મને સેવ-પુરી, રગડા-પેટિસ, દહીં-બટેટાપૂરી જેવી ચાટ બહુ ભાવે છે. મારે જાણવું છે કે ચાટ એ કચરો કહેવાય કે હેલ્ધી ફૂડ ?**

ઉત્તર : ચાટ જીભપ્રિય એટલા માટે છે, કેમ કે એમાં તીખું-મીઠું-ખાટું-મસ્સાલેદાર જેવા રસના ઈન્દ્રીયને સંતોષના બધા જ સ્વાદ હોય છે. ચાટ જન્ક ફૂડ તો નથી, પણ એ ડાયેટિશિયનોની ફેવરીટ પણ નથી. ચાટ બનાવવા વાપરવામાં આવતી દહીં-કોથમીર, ફુદીનાની તીખી ચટણી, ખજૂર-આમલીની મીઠી ચટણી જેવી સામગ્રી પોષક હોય છે.

તો પછી એને કચરો કેમ ગણવામાં આવે છે ? એવો સવાલ તમને થતો હોય તો એનો જવાબ છેઃ છોલે-ટીકી, રગડા-પેટિસ, સેવપૂરી, દહીં-બટેટાપૂરી, પાણીપૂરી, ભેળપૂરી, દહીંવડા, વગેરેમાં કમ સે કમ એક તળેલી સામગ્રી હોય છે. જો કે ચાટમાં એને બેલેન્સ કરે એવી પણ સામગ્રી હોય છે. જેમ કે કાકડી-બાફેલા બટેટા-ટમેટા-કોથમીર, વગેરે.

**ચાટ હેલ્ધી બનાવવા તમે આટલું કરી શકોઃ**

● પેટિસને, નૉન-સ્ટિક તવા પર બને એટલા ઓછા તેલ પર તળો.

● ભેળપૂરીમાં પ્રોટીનનું પ્રમાણ વધારવા એમાં ફણગાવેલા મગ વાપરો.

● તળેલી સેવ ભભરાવવાનું ટાળો. સેવ વાપરવી જ હોય તો બેકડ સેવ વાપરો (ચૂંટેલા સ્ટોર્સમાં બેક્ડ સેવ મળે છે)

● ડીપ ફ્રાય પૂરીને બદલે ખાખરાનો વપરાશ કરો.

**પ્રશ્ન : હું ૪૦ વર્ષની ગૃહિણી છું. મારાં મમ્મી-પપ્પાને તથા આખા પરિવારમાં સૌને ડાયાબિટીસ છે. મને ભય છે કે વહેલો-મોડો મન ડાયાબિટીસ વળગશે. શું અમુક ચોક્કસ પ્રકારના આહારથી હું ડાયાબિટીસના ભયને ખાળી શકું ?**

ઉત્તર : તમે આટલું કરી શકોઃ

મેંદો, ખાંડ, ફ્રુટ જ્યુસ, વ્હાઈટ રાઈસ, પાસ્તા, ન્યૂડલ્સ, ચૉકલેટ્સ, વગેરેને કહોઃ ગુડ બાય! આરોગોઃ બ્રાઉન રાઈસ, આખા ઘઉં (હોલ વ્હીટ)ની બ્રેડ, જુવારની રોટલી, વગેરે, સાથે સાથે હોલ ફ્રૂટસ આરોગો અને વેજિટેબલ જ્યુસ ગટાગટાવો. આ ઉપરાંત, તમે સોયા મિલ્ક અથવા લો ફૅટ કાઈ મિલ્ક (ગાયનું દૂધ), દહીં જમો, કાચાં તથા રાંધેલા શાક પર મારો રાખો.

બીજી બાજુ આવે છે શારીરિક કસરતઃ અઠવાડિયામાં ત્રણ-ચાર વાર ૩૦-૪૦ મિનિટ્સ ચાલવા જાઓ. તમારું વજન જાળવી રાખો. વજન વધારો ડાયાબિટીસનું જોખમ વધારી શકે.

છેલ્લી વાતઃ તાણ-તંગદિલીથી દૂર રહી હળવાફૂલ રહો. ટેન્શનનો સંબંધ ભલે મસ્તિષ્કથી રહ્યો, એની શારીરિક અસર અવગણી શકાય નહીં. સ્ટ્રેસ તમારું કોલેસ્ટ્રોલ વધારી શકે. હાઈ બ્લડ પ્રેશર તથા ડાયાબિટીસનું જોખમ વધારી શકે.

**પ્રશ્ન : શું માત્ર તાજાં સફરજન ખાવાથી વજન ઉતારી શકાય ? સફરજનમાં હોય છે શું ?**

ઉત્તર : માત્ર એક જ ચીજ ખાઈને વજન ઉતારવું એ કંઈ બહુ સારો આઈડિયા નથી. સફરજનમાં કેલરી-ચરબી તથા સોડિયમ ઓછું હોય છે તથા એમાં વિટામિન્સ, મિનરલ્સ અને ફાઈબર હોય છે. આ બધું તમને વજન ઉતારવામાં મદદરૂપ થઈ શકે. હેલ્ધી ઈટિંગની વાત ચાલતી હોય તો સફરજન કીમતી રતન છે.

જો કે માત્ર સફરજન ખાઈને તમે વજન ઉતારી શકો નહીં. તમે વજન ઉતારી શકો તમારી ખાણી-પીણીની ટેવ-કુટેવમાં સુધારા-વધારા કરીને. સાથે સાથે તમારે એકસરસાઈઝ પર પણ ધ્યાન આપવું પડે. આમ પરેજી-નિયમિત કસરતની મદદથી તમે વૈજ્ઞાનિક પદ્ધતિથી વજન ઉતારી શકો.

**પ્રશ્ન : હમણાં મેં ક્યાંક વાંચ્યું કે મગજ પર કોઈ બોજ, ટેન્શન હોય એવી સ્થિતિમાં ખાવા-પીવાનું વધી જાય છે. શું આ સાચું છે ?**

ઉત્તર : હા, સ્ટ્રેસનો સંબંધ વજન વધારા સાથે છે. ટેન્શન જો કામચલાઉ હોય અથવા ટૂંકા ગાળાનું હોય તો એવી પરિસ્થિતિમાં ભૂખ મરી જતી હોય છે, પણ જો સતત મગજ પર કશાકનો ભાર રહેતો હોય તો એનાં પરિણામ જુદાં આવતાં હોય છે. એવી સ્થિતિમાં શરીર ભૂખ વધારે એવા કોર્ટિસોલ હોર્મોન છોડે છે.

સ્ટ્રેસની આહારની પસંદ-નાપસંદ પણ બદલાઈ જતી હોય છે. આવા સંજોગમાં ચરબી-સુગર વધારે એવો ખોરાક ખાવાની સતત ઈચ્છા થયા કરે છે. આ અંગે થયેલા અભ્યાસના તારણ એવું કહે છે કે આવા આહારને એ લોકો કમ્ફર્ટ ફૂડ ગણે છે અર્થાત આવું ખાઈને એમને સારું લાગે છે અથવા સ્ટ્રેસથી છુટકારો મળે છે એટલે એ સતત ફૅટ-ચરબી વધારે એવો આહાર ખાધા કરે છે પરિણામે વજન વધારી મૂકે છે.

– ચિત્રલેખામાંથી સાભાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હૉટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

KDO GLOBAL SUMMIT

**IT & EMERGING BUSINESSES**

8th & 9th January 2016
Taj Vivanta,
Yeshwantpur Bangalore

**EVENT PARTNER OF GLOBAL SUMMIT**

**SHRI HANS BHAWANJI ARJAN KHIMJI**

# GLIMPSES














**સૌજન્ય : શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી**

પરબ શક્તિ સંજીવની સોસાયટી

# ''શ્રી પરબ શક્તિ સંજીવની''ની રજત જયંતિ નિમિતે વિશેષ કાર્યક્રમ ''ચાંદ તારોં કો છુને કી આશા''




















**પરબ**
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

# ‘‘ચાંદ તારોં કો છુને કી આશા’’

## આનંદ અને અનુમોદનાની અભિવ્યક્તિ

પરબની રજતી સોગાત ઉત્સવને ઉમંગ અને ઉલ્લાસભેર વધાવવા સમયસર પધારી સંપુર્ણ કાર્યક્રમને મન ભરી છેવટ સુધી માણવા બદલ ‘‘પરબ’’ તરફથી નમ્રતાપૂર્વક આપ સૌ આત્મીયજનોને ખુબ ધન્યવાદ. આભાર .

શબ્દનો ભાર નથી ચડાવવો ‘‘પરબ’’ સોવેનીયર (Souvenir)ના માધ્યમથી પરબની અપીલને જબરદસ્ત પ્રતિસાદ ‘‘પરબ’’ પ્રત્યેની આપની ચાહના પ્રર્દશીત કરે છે. શ્રેષ્ઠ માનવો એવા નામી અને અનામી આપ સૌ દાનવીરોની ‘‘પરબ’’ પ્રશંસા અને સરાહના કરે છે.

આપ સૌના પાવન અને વરદ્ હસ્તકમલથી વરસાવેલો પુણ્યરૂપી લક્ષ્મીના સ્ત્રોતે પરબને પ્રોત્સાહન રૂપી પ્રાણવાયુ પુરૂ પાડેલ છે, જ્યા પરબ દસ પગલાં સેવાકાર્યમાં આગળ માંડવા વીચારી રહી છે. ત્યાં આપના સહયોગથી ‘‘પરબ’’ને મેરેથોનની ગતિનો વેગ મળી ગયો.

આપની લક્ષ્મી ઉમદા સેવાકાર્યોમાં વપરાશે ને પુણ્યનો શ્રેય આપના જમા ખાતામાં ઉમેરાશે તેની ‘‘પરબ’’ ખાત્રી આપે છે.

ચમકતા ચાંદ તારાની સંગાથે
તિમિરમાં તેજના એ લીસોટા પકડી
સિધ્ધાર્થ બુધ્ધ - પ્રબુધ્ધ બની ગયા
ચાલને માનવ હાથમા હાથ ઝાલી
ચાંદ - તારાઓને સ્પર્શી લઈને
કરીએ શીતળતાનો અદભુત આનંદ
ચમકારાના એ સંકેતને પકડી
જીવનનો સાચો ઉધ્ધાર કરી લઈએ

પરબ શક્તિ સંજીવની પરિવાર ફરીથી આપ સૌને ધન્યવાદ સાથે સલામ કરે છે.

**પરબ શક્તિ સંજીવની સોસાયટી**

**એ લાકડાના નકલી પગને, મારે પગે પડવું છે ! પાના નં. ૧૧ થી ચાલુ**

નમાવે છે, એ પણ ધક્કો જ છે. અરુણિમાને ટ્રેનમાં કોણે ધક્કો માર્યો એની ઈન્કવાયરી તો થતી રહી પણ કશું થયું નહીં.... પણ એ પહેલાં આપણે સમાજની ઈન્કવાયરી કરવાની છે કે આપણે જાણે-અજાણે કેટકેટલી સ્ત્રીઓને કેટલાં અદશ્ય ધક્કાઓ માર્યા છે.

જ્યાં સુધી આપણે સાહિત્યમાં, કોલમોમાં, ફિલ્મો-સિરિયલોમાં સ્ત્રીઓને સંસ્કારની મીણની પૂતળી તરીકે ચીતરતા રહીશું, આવાં ધક્કાઓ સ્ત્રીઓને રોજરોજ લાગ્યાં જ કરશે. દીકરાનાં કાનમાં ઝેર ભરતી સાસુઓ, વહુ પર ત્રાસ ગુજારતી નણંદોવાળી ક્રૂર સિરિયલો, રોજ રાત્રે ૮થી ૧૦ જોઈ જોઈને આપનો સમાજ વિકૃત આનંદ લે છે. ક્યાંક છોકરીના પેટ પર લાત મરાય છે, ક્યાંક જંગલમાં એકલી ફેંકી દેવામાં આવે છે. ક્યાંક ડાકણ ને નાગીન માનીને સળગાવાય છે. જેટલી પાશવી વાર્તા, સ્ત્રી પર જેટલો વધારે સિતમ, એટલી સિરિયલ વધુ સફળ ! દુઃખની વાત એ છે કે આ બધું સ્ત્રીઓ જ વધારે જુએ છે, આવી સિરિયલો બનાવનારી નિર્માતાઓ પણ ધણીખરી સ્ત્રી જ હોય છે, ચેનલોમાં પ્રોગ્રામ પાસ કરનારી પણ સ્ત્રી જ હોય છે અને ઘણી સિરિયલોં તો લખનારી પણ સ્ત્રી જ હોય છે ! લાચાર સ્ત્રીની રિબામણીની વિશાળ લેબોરેટરી ચાલી રહી છે અને એનું લાઈવ ટોલીકાસ્ટ રોજ આપણાં ઘરોમાં ચાલ્યા રહે છે, જ્યાં સુધી આ બધું નહીં અટકે ત્યાં સુધી સમાજમાં અનેક અરુણિમાને ધક્કાઓ લાગતાં જ રહેશે, જ્યાં સુધી ઔરતનાં અર્ધનગ્ન બદનનાં ફોટાંઓ ફેસબૂક વગેરે પર અપલોડ કરી કરીને આપણે લાળ ટપકાવ્યાં કરશું ત્યાં સુધી આપણી પ્રજાને આવેગનાં ઈજેકશનો મળતાં જ રહેશે, સૌનાં હાથ સળવળતાં રહેશે. શક્ય એકલી અરુણિમાઓને દબોચવા કે ધક્કાઓ મારવાં.

સાત-આઠ વર્ષની બેબીને સ્ટેજ પર, ટેલેન્ટ કોન્ટેસ્ટમાં ‘બેબી ડોલ મૈં સોને દી’ જેવા ગીતો પર નાચતાં નાચતાં ચાળાં કરતાં જોઈને આપણે બેશર્મીથી તાળીઓ પાડીઓ પાડીએ છીએ એ પણ એકજાતનો અદ્રશ્ય ધક્કો જ છેને ? સ્ત્રીનું ગર્ભપરીક્ષણ કરવા પૈસા ખવડાવીએ છીએ અથવા તો દુબઈ જઈને ગર્ભપાત કરી લઈએ છીએ એટલે કે આપણે તો અરુણિમાઓને જન્મતાં પહેલાં જ ધક્કો મારી દઈએ છીએ. આ સમાજ, એક હાથ સ્ત્રીની આરતી કરે છે અને બીજાં હાથે અરુણિમાઓને ધક્કો મારે છે. એમાંથી માંડ એકાદ અરુણિમા મરતાં મરતાં પાછી બેઠી થઈને જીવી જાય છે ! બાકીનાં અનામી ચહેરાઓનું શું ?

રશિયા પાસે દાઘેસ્તાનનાં એક મેળામાં કવિ અબુતા લેબ ઝાડુ ખરીદવા, દુકાનદાર સાથે ભાવની રકઝક કરતો હોય છે, પણ ઝાડુવાળો માનવા તૈયાર જ નથી. એવામાં ત્યાં એક લોક-ગાયિકા, સુંદર ગીત લલકારવા માંડે છે. પણ અચાનક એક દારૂડિયો ગાનારી સાથે બેસૂરા અવાજમાં ગીત ગાઈને પેલીને છેડવા માંડે છે. કવિ અબુતાલેબથી આ જોવાતું નથી એટલે એ ઝાડુવાળા પાસેથી ઝાડુ આંચકીને દારૂડિયને ઝાડુથી ઢીબીઢીબીને ભગાડી મૂકે છે. હવે કવિ, જ્યારે દુકાનદારે ઝાડુ પાછું આપે છે ત્યારે એ કહે છે. ‘‘ના કવિ, હવે આ ઝાડુ તમારું થયું કહેવાય, કારણ કે આ આખી ભીડમાં માત્ર તમે જ જાણો છો કે ઝાડુનો સાચો ઉપયોગ શું છે !’’

આપણાં સમાજ પાસે નથી તો એ મામૂલી ઝાડુવાળા જેટલી સમજ કે નથી પેલાં કવિ જેવી હિમ્મત. સમાજમાંથી હજી ઘણાંય જાળા ખંખેરવાનાં બાકી છેને ? આપણે હજી નારીદેહનાં શૃંગાર-શ્લોકો, ૧૬ વરસની કન્યાઓ પરનાં ટિપિકલ કાવ્યો, નર-માદાનાં સમીકરણો, લગ્ન-બાહ્ય લફડાંઓ ફેશન-રેસીપીનાં બીબાંઢાળ લેખો વગેરેથી આગળ વધીને ઘણુંજ વાંચવાં-વિચારવા-લખવાનું બાકી છે.

પણ ખેર, આ બધાં વચ્ચે લંગડાતાં લંગડાતાં પર્વતોનાં શિખર પર પહોંચલી પેલી અરુણિમાને સો સો સલામ !

**- સંજય છેલ**

---

## જિંદગીમાં ઘણી અપૂર્ણતાઓ છે

પિતાજી જમવા બેઠા. રોટલી બળેલી હતી, તેજોઈને મને થયું કે આજે પિતાજી મા પર ગુસ્સો કરશે, પણ તેઓ તો આરામથી જમવા લાગ્યા. મા એ બળેલી રોટલી માટે માફી માગી ત્યારે પિતાજી બોલ્યા, મને બળી ગયેલી રોટલી સાચે જ ભાવે છે.

